|| સ્વામી શ્રીજી ||

# ચોસઠપદી

## એક વાત અનુપ અમૂલ્ય કરું છું કહેવાતણું

૧-૧૦૩૨: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

(સંતનાં લક્ષણ)

પદ - ૧

એક વાત અનુપ અમૂલ્ય, કરું છું કહેવાતણું;
પણ મનભાઈ કહે છે મ બોલ્ય, ઘોળ્યું ન કહેવું ઘણું... ૧
પણ વણકહ્યે જો વિગત, પડે કેમ પરને;
સંત અસંતમાં એક મત, નિશ્ચે રહે નરને... ૨
માટે કહ્યા વિના ન કળાય, સહુ તે સુણી લહીએ;
મોટા સંતનો કહ્યો મહિમાય, તે સંત કોને કહીએ... ૩
કહે સંત સેવ્યે સરે કાજ, એમ છે આગમમાં;
સુણી નિષ્કુળાનંદ તે આજ, સહુ છે ઉદ્યમમાં... ૪

## એવા સંત તણી ઓળખાણ કહું સહુ સાંભળો

૧-૧૦૩૩: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨

એવા સંત તણી ઓળખાણ, કહું સહુ સાંભળો;
પછી સોંપી તેને મન પ્રાણ, એ વાળે તેમ વળો... ૧
જેના અંતરમાં અવિનાશ, વાસ કરી વસિયા;
તેણે કામ ક્રોધ પામ્યા નાશ, લોભ ને મોહ ગયા... ૨
એવા શત્રુતણું ટળ્યું સાલ, લાલ જયાં આવી રહ્યા;
તેણે સંત થયા છે નિહાલ, પૂરણકામ થયા... ૩
એવા સંત જે હોય સંસાર, શોધીને સેવીજીએ;
કહે નિષ્કુળાનંદ નિરધાર, તો લાભ તે લીજીએ... ૪

## સાચા સંત સેવ્યે સેવ્યા નાથ સેવ્યા સુર સહુને

૧-૧૦૩૪: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩

સાચા સંત સેવ્યે સેવ્યા નાથ, સેવ્યા સુર સહુને;
સેવ્યા મુક્ત મુનિ ઋષિ સાથ, બીજા સેવ્યા બહુને... ૧
એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા;

જમ્યા સર્વે લોક સરવે ધામ, સહુ થયા તૃપ્તતા... ૨
એવા સંતને પૂજીને પટ, પ્રીત્યેશું પહેરાવિયાં;
તેણે ઢાંક્યાં સહુના ઘટ, ભલા મન ભાવિયાં... ૩
એવા સંત મળ્યે મળ્યા સ્વામી, ખામી કોયે ન રહી;
કહે નિષ્કુળાનંદ શીશ નામી, સાચી સહુને કહી... ૪

## નક્કી વાત છે એ નિરધાર જૂઠી જરાય નથી

૧-૧૦૩૫: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪

નક્કી વાત છે એ નિરધાર, જૂઠી જરાય નથી;
સહુ અંતરે કરો વિચાર, ઘણું શું કહું કથી... ૧
એક જમતાં બોલિયો શંખ, અસંખ્યથી શું સર્યું;
એક જમીને બોલ્યો નિઃશંક, યમુના જાવા કર્યું... ૨
એમ એક પૂજ્યે પૂજ્યા સહુ, સેવ્યે સહુ સેવિયા;
માટે ઘણું ઘણું શું કહું, ભેદ ભક્તના કહ્યા... ૩
હવે એવા વિના જે અનેક, જગતમાં જે કહીએ;
કહે નિષ્કુળાનંદ વિવેક, સેવ્યે સુખ શું લહીએ... ૪

## જેના અંતરમાં કામ ક્રોધ લોભની લાહ્ય બળે

૧-૧૦૩૬: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

(અસંતનાં લક્ષણ)

પદ - ૫

જેના અંતરમાં કામ ક્રોધ, લોભની લાહ્ય બળે;
એવા બહુ કરતા હોય બોધ, તે સાંભળ્યે શું વળે... ૧
માન મમતા મત્સર મોહ, ઈરષા અતિ ઘણી;
એવો અધર્મ સર્ગ સમૂહ, ધારી રહ્યા જે ઘણી... ૨
તેને સેવતાં શું ફળ થાય, પૂજીને શું પામીએ;
જે જમાડીએ તે પણ જાય, ખાધું જે હરામીએ... ૩
એનાં દર્શન તે દુઃખદેણ, ન થાય તો ન કીજીએ;
સુણી નિષ્કુળાનંદનાં વેણ, સહુ માની લીજીએ... ૪

## એવા વિકારી જનની વાત દેનારી છે દુઃખની

૧-૧૦૩૭: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૬

એવા વિકારી જનની વાત, દેનારી છે દુઃખની;
જેના અંતરમાં દિનરાત, ઇચ્છા વિષય સુખની... ૧
એને અરથે કરે ઉપાય, શોધી સારા ગામને;
પોતે પોતાનું માહાત્મ્ય ગાય, ચહાય દામ વામને... ૨
કરે કથા કીરતન કાવ્ય, અરથ એ સારવા;
ભલો દેખાડે ભક્તિભાવ, પર ઘર મારવા... ૩
એથી કેદી ન થાય કલ્યાણ, જિજ્ઞાસુને જાણવું;
કહે નિષ્કુળાનંદ નિરવાણ, પેખી પરમાણવું... ૪

## દેહ પોષવા સારુ જે દંભ કરે છે જે કુબુદ્ધિ

૧-૧૦૩૮: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૭

દેહ પોષવા સારુ જે દંભ, કરે છે જે કુબુદ્ધિ;
ખોટા સુખ અરથે આરંભ, મૂકે નહિ મૂઆ સુધી... ૧
તેણે જનમ પશુને પાડ, ખોયો ખોટા કારણે;
મોક્ષ મારગે દીધાં કમાડ, કડી જડી બારણે... ૨
ફેરો ન ફાવ્યો થયો ફજીત, જીત ગઈ જળમાં;
મેલી મુક્ત મોટપની રીત, ખ્યાતિ કરી ખળમાં... ૩
આપ ડહાપણે આખો દિવસ, દુઃખે ભર્યો દો’યલો;
કહે નિષ્કુળાનંદ અવશ્ય, ખાટ્યો માલ ખોયલો... ૪

## સંત અસંતની ઓળખાણ પાડી છે પુરાણમાં

૧-૧૦૩૯: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૮

સંત અસંતની ઓળખાણ, પાડી છે પુરાણમાં;
સુણી સરવે જન સુજાણ, તણાશો મા તાણમાં... ૧
જડભરત જનક જયદેવ, એવું થાવું આપણે;
ત્યારે કરતા અસંતની સેવ, વાત કહો કેમ બને... ૨
અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા;
ત્યારે ખરી કરી જોઈએ ખોળ્ય, વિઘનને વામવા... ૩
વણ સમજે સાર અસાર, પાર કહો કોણ થયા;
કરી નિષ્કુળાનંદ વિચાર, સંત અસંત કહ્યા... ૪

## સાચા સંતનાં અંગ એંધાણ રે જોઈ લેવાં જીવડીએ

૧-૧૦૪૦: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

(અસંતનાં લક્ષણ)

પદ - ૯

સાચા સંતનાં અંગ એંધાણ રે, જોઈ લેવાં જીવડીએ;
જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડીઘડીએ... ૧
ખાતાં પીતાં જોતાં જણાશે રે, આશય એના અંતરનો;
ઊઠે બેસે બોલે કળાશે રે, પાસે વસતા એ નરનો... ૨
હશે હારદ હૈયા કેરું રે, વણ કહ્યે પણ વરતાશે;
જેમ જેમ છપાડશે ઘણેરું રે, તેમ તેમ છતું થાશે... ૩
ખાય ખૂણે લસણ લકી રે, તે ગંધ કરે છુપાવાનું;
કહે નિષ્કુળાનંદ વાત નક્કી રે, જેમ છે તેમ જણાવાનું... ૪

## જેવો રસ ભર્યો જે ઠામે રે તેવો તેમાંથી ઝરશે

૧-૧૦૪૧: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૧૦

જેવો રસ ભર્યો જે ઠામે રે, તેવો તેમાંથી ઝરશે;
કોઈ કાઢશે પડ્યે કામે રે, નિશ્ચે તેવો નીસરશે... ૧
જોને આહાર કરે જન જેવો રે, તેવો આવે ઓડકારે;
અણપૂછે નીસરે એવો રે, આશય અંતરનો બા'રે ૨;
જોને ચીલ ચડે આસમાને રે, નજર તેની નીચી છે;
દેખી મારણને મન માને રે, અન્ય જોવા આંખ મીંચી છે... ૩
એવા લક્ષણવાળા લાખું રે, દીઠા મેં દ્રગે ભરિયા;
કહે નિષ્કુળાનંદ શું ભાખું રે, ઓળખો એની જોઈ ક્રિયા... ૪

## કામી બોલે કામે ભરિયું રે લોભી બોલે લોભ લઈ

૧-૧૦૪૨: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૧૧

કામી બોલે કામે ભરિયું રે, લોભી બોલે લોભ લઈ;
ક્રોધી બોલે ક્રોધે અનુસરિયું રે, માની બોલે માન સઈ... ૧
સ્વાદી બોલે સ્વાદ વખાણી રે, દંભી બોલે દંભ ભરી;
અહંકારી અહંકાર આણી રે, કપટી બોલે કપટ કરી... ૨
માટે જે જનને મળે જેવા રે, તેવો તેને રંગ ચડશે;
નહિ જાય શ્રોતા સારુ લેવા રે, જેમ છે તેમ તેનું જડશે... ૩

ખૂબ ખરા હોય ખપવાળા રે, તેને જોવું તપાસી;
થાય નિષ્કુળાનંદ સુખાળા રે, ખરી વાત કહું ખાસી... ૪

## વણ સાધુનો વરતારો રે આ પદ સુણતાં ઓળખાશે

૧-૧૦૪૩: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૧૨

વણ સાધુનો વરતારો રે, આ પદ સુણતાં ઓળખાશે;
પછી શોધી સમાગમ સારો રે, તે સાથે પ્રીતિ થાશે... ૧
તેહ વિના મન નહિ માને રે, બીજે દલડું નહિ બેસે;
કાયરની વાતો કાને રે, સાંભળી પંડ્યમાં નહિ પેસે... ૨
આંખ અંતરની ઊઘડશે રે, પડશે પારખું પોતાને;
ખરા ખોટાની ગમ પડશે રે, જડશે વાતો એ જોતાને... ૩
પછી સંત અસંત એક પાડે રે, નહિ દેખે તે કોઈ દને;
કહિ નિષ્કુળાનંદ શું દેખાડે રે, જાણશે જેમ છે તેમ મને... ૪

## જેનું તન મન માન્યું ત્યાગે રે ભક્તિ ધર્મ ભાવે છે

૧-૧૦૪૪: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

(સંતનાં લક્ષણ)

પદ - ૧૩

જેનું તન મન માન્યું ત્યાગે રે, ભક્તિ ધર્મ ભાવે છે;
તેના વચન વીંટ્યાં વૈરાગ્યે રે, અંતરમાંથી આવે છે... ૧
શીલ સંતોષ ને વળી શાંતિ રે, એમાં રહીને બોલે છે;
ધીરજતા કહી નથી જાતી રે, જ્ઞાન ધ્યાનમાં ડોલે છે... ૨
એવા સંત સહુના સગા રે, પર ઉપકારી પૂરા છે;
જેના દલમાં નહિ કોઈ દગા રે, સત્ય વાતમાં શૂરા છે... ૩
વળી હેત ઘણું છે હૈયે રે, આંખે અમૃત વરસે છે;
કહે નિષ્કુળાનંદ શું કહિયે રે, એ જન જોઈ હરિ હરખે છે... ૪

## કેને દુઃખ દેવાનો દિલમાં રે ભૂલ્યે ભૂંડો ભાવ નથી

૧-૧૦૪૫: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૧૪

કેને દુઃખ દેવાનો દિલમાં રે, ભૂલ્યે ભૂંડો ભાવ નથી;
પર ઉપકારે પળપળમાં રે, ઊપજે ઇચ્છા અંતરથી... ૧
પંચવિષયને પરહરી રે, વરતે છે વણ વિકારે;

તેહ જણાય જોવે કરીને રે, જન એ બોલે છે જ્યારે... ૨
વણ વિચારે પણ વાતું રે, આવે એના અંતરથી;
બોલે અહં મમતાનું ઘસાતું રે, ઊતર્યું મન તનસુખ પરથી... ૩
એવા ક્યાંથી મળે જન એકે રે, નિર્મળ અંતર નિષ્કામી;
કહે નિષ્કુળાનંદ વિવેકે રે, બીજા બહુ હોય હરામી... ૪

## વિષયી જનનાં વાયક રે ભર્યાં ભરપૂર ભૂંડાઈયે

૧-૧૦૪૬: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૧૫

વિષયી જનનાં વાયક રે, ભર્યાં ભરપૂર ભૂંડાઈયે;
હોય સહુને દુઃખદાયક રે, એથી સુખિયાં શું થાયે... ૧
જોને આગ્નીધ્ર દીર્ઘતમા રે, વિષય સારુ વિલખ્યા છે;
એનાં વચન શોધી શાસ્ત્રમાં રે, સર્વે લઈને લખ્યાં છે... ૨
વળી વશિષ્ઠ ને દુર્વાસા રે, લોભી ક્રોધી કહાવે છે;
એના અંતરની જે આશા રે, સર્વે શાસ્ત્ર જણાવે છે... ૩
માટે જે જનમાં ગુણ જેવો રે, એવો આપે સેવકને;
કહે નિષ્કુળાનંદ ન સેવો રે, જાણી એવા વિવેકને... ૪

## કહ્યાં ખટ દશ પદ આ ખોળી રે સહુ જનને સમજાવાને

૧-૧૦૪૭: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૧૬

કહ્યાં ખટ દશ પદ આ ખોળી રે, સહુ જનને સમજાવાને;
કહ્યું તન મનમાં મેં તોળી રે, જેમ છે તેમ જણાવાને... ૧
કોય પીયૂષ રસને પાઈ રે, ઉછેરે નર ઉરગને;
તોય નિરવિખ તે ન થાય રે, વાધે વિખ એના અંગને... ૨
જોને જેવો ગુણ જે બીજે રે, તેવો તેહ જણાવે છે;
તેની કોટિ જતન જો કીજે રે, તોય તે શું બદલાવે છે... ૩
એવા ઝેરીલા જન જાણી રે, તરત તેને તજી દેવા;
સુણી નિષ્કુળાનંદની વાણી રે, શુદ્ધ સંતની કરિયે સેવા... ૪

## કઠણ વચન કહું છું રે કડવાં કાંકચ્ચ રૂપ

૧-૧૦૪૮: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૧૭

કઠણ વચન કહું છું રે, કડવાં કાંકચ્ય રૂપ;
દરદીને ગોળી દઉં છું રે, સુખ થાવા અનૂપ... ૧
ખરે મને જે જન ખાવશે રે, આવું જે ઔષધ;
જીરણ રોગ તેનો જાવશે રે, સુખી થાશે સદ્ય... ૨
પણ બીક રહે છે બોલતાં રે, સાચી દેતાં શિખ;
ખરાં છિદ્ર કેનાં ખોલતાં રે, વવાઈ જાશે વિખ... ૩
દેહ માનીને દિલમાં રે, સુણતાં જાશે સુખ;
પ્રજળશે તેહ પળમાં રે, દાઝ્યે થાશે દુઃખ... ૪
માટે કહું ન કહું કોઈને રે, એમ આવે વિચાર;
નિષ્કુળાનંદ વિચારી જોઈને રે, પછી કરું ઉચ્ચાર... ૫

## સુણો સાધુ શુકજી સરખા રે નારદ જેવા નેક

૧-૧૦૪૯: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૧૮

સુણો સાધુ શુકજી સરખા રે, નારદ જેવા નેક;
નથી ઉપમાં માનો મૂરખા રે, ઉર કરો વિવેક... ૧
જડભરત જેવા જાણીએ રે, સનકાદિક સમાન;
કદરજ જેવા વખાણીએ રે, ખરા ક્ષમાવાન... ૨
એવી સાધુતાને આશરી રે, જ્યારે લીધો જોગ;
ત્યારે પ્રીત સહુશું પરહરી રે, ભૂલવા ભવ ભોગ... ૩
એની રીત્યે રીત્ય આપણી રે, બીજી રીત્યે બાધ;
પરહરો પરી પાપણી રે, વળગી એ વરાધ... ૪
ફોગટ પડતાં બીજા ફંદમા રે, આવે દુઃખ અત્યંત;
નિષ્કુળાનંદ આનંદમાં રે, સદા રહોને સંત... ૫

## શુકજીએ નથી સંઘર્યું રે ધાતુ વળી ધન

૧-૧૦૫૦: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૧૯

શુકજીએ નથી સંઘર્યું રે, ધાતુ વળી ધન;
નાણું નારદે ભેળું ન કર્યું રે, કહે છે કોયે દન... ૧
જડભરતે ન જોડાવિયું રે, ગાડું ગાડી વેલ;
કદરજનું વ્યાસે કા'વિયું રે, ખરી ક્ષમાનો ખેલ... ૨
સનકાદિકે સુખ કારણે રે, ઘોડું ન રાખ્યું ઘેર;
આ તો બાંધ્યાં બીજાને બારણે રે, કરવા કાળો કેર... ૩

મેલી ઊભી અસલ રીતને રે, નકલ લીધી નેક;
તે તો ચોંટી ગઈ ચિત્તને રે, છોડી ન છૂટે છેક... ૪
કોઈ કહે એની કોરનું રે, તે શું બંધાયે વેર;
કહે નિષ્કુળાનંદ નોરનું રે, મું પર રાખજો મે'ર... ૫

## જરૂર જાવું છે જાણજો રે પ્રભુજીની પાસ

૧-૧૦૫૧: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨૦

જરૂર જાવું છે જાણજો રે, પ્રભુજીની પાસ;
એવી દેશીયે મા આણજો રે, વણ કર્યે તપાસ... ૧
જાણો જગ મોટાઈ જૂઠ છે રે, તેની તજો તાણ;
એને ઇચ્છે તે હૈયાફૂટ છે રે, ન ઇચ્છે સુજાણ... ૨
મેલો લાભ આ લોક સુખનો રે, પ્રીત કરો પરલોક;
એ તો મત છે મૂરખનો રે, ખોટે હરખ શોક... ૩
રૂડા સંતની રીતડી રે, જાણો જુદી જન;
જેને પ્રભુ સાથે પ્રીતડી રે, તે વિચારો મન... ૪
માથે કલંક ને મરશું રે, એ તો છે અકાજ;
તે તો નિષ્કુળાનંદ નરસું રે, જોઈ રીઝે નહિ રાજ... ૫

## શોધી આવ્યો તું સતસંગમાં રે ભજવાને ભગવાન

૧-૧૦૫૨: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨૧

શોધી આવ્યો તું સતસંગમાં રે, ભજવાને ભગવાન;
આવ્યો તૈયે તારા અંગમાં રે, નો'તા મોટપ માન... ૧
સહુ સંતને શીશ નામતો રે, થઈને દાસાનુદાસ;
ગુણ ગોવિંદજીના ગાવતો રે, જગથી થઈ ઉદાસ... ૨
એહ ગયું તારી ગાંઠ્યનું રે, બીજું પેઠું પાપ;
લઈ લીધું લક્ષણ લાંઠનું રે, અવળું કર્યું આપ... ૩
બની વાત ગઈ બગડી રે, કવથાણું છે કામ;
દિલે સળગે છે સગડી રે, સહુનો થાવા શ્યામ... ૪
નાને ગુણે મોટપ ન મળે રે, વિચારી જોને વાત;
કહે નિષ્કુળાનંદ કાં બળે રે, ઠાલો દીન રાત... ૫

# મોટા થાવાનું મનમાં રે દલમાં ઘણો ડોડ

૧-૧૦૫૩: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨૨

મોટા થાવાનું મનમાં રે, દલમાં ઘણો ડોડ
તેવા ગુણ નથી તનમાં રે, કાં કરે તું કોડ... ૧
તું તપાસી જોને તુજને રે, ઊતરી અંતર માંય
પછી ઇચ્છજે થાવા પૂજ્યને રે, તેનું નથી કાંય... ૨
કામ ક્રોધ વળી લોભ છે રે, લિયે છે તારી લાજ;
તેણે કરી અંતરે ક્ષોભ છે રે, જો વિચારી આજ... ૩
ભૂંડા ઘાટ ઊઠે છે ભીતરે રે, જે ન કહેવાય બા’ર;
એહ વાતનો તારે અંતરે રે, નથી નર વિચાર... ૪
નથી ખોળતો ખોટ્ય માંયની રે, દે છે બીજાને દોષ;
કહે નિષ્કુળાનંદ ન્યાયની રે, અમથો શો અપસોષ... ૫

# એક ભૂંસાડીને એકડો રે વાળ્યાં મીંડા વીશ

૧-૧૦૫૪: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨૩

એક ભૂંસાડીને એકડો રે, વાળ્યાં મીંડા વીશ;
જોતાં સરવાળો ન જડ્યો રે, ત્યારે કરે છે રીશ... ૧
ધન વિના કરે છે ધાંખના રે, કાંઈક મળવા કાજ;
પામીશ નહિ પડીકાં રાખનાં રે, ઠાલી ખોઈશ લાજ... ૨
દીવો દિનકર આગળે રે, કરવા જાયે કોય;
શોભા શું લખાય કાગળે રે, ઊલટી હાંસી હોય... ૩
મોટા પંડિત આગે મૂરખો રે, કરે કોય ઉચ્ચાર;
સહુ જાણે પશુ સરખો રે, ભૂલ્યે ન પડે ભાર... ૪
માંડી મોર કળા સોહામણી રે, પછી દેખાડે પૂઠ;
નિષ્કુળાનંદ લાગે લજામણી રે, જરાય નથી જૂઠ... ૫

# વાત હેતની હૈયે ધારજો રે સમજીને સુજાણ

૧-૧૦૫૫: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨૪

વાત હેતની હૈયે ધારજો રે, સમજીને સુજાણ;
કામ પડે એ વિચારજો રે, તો થાશે કલ્યાણ... ૧
પ્રભુજીનાં પદ પામવા રે, આ છે સુંદર સાર;

વડાં વિઘનને વામવા રે, પામવા બેડો પાર... ૨
કહ્યું લગાડીને કડવું રે, લીમથી ઘણું લાખ;
એમ કહીને નો'તું લડવું રે, સહુ પૂરશે સાખ... ૩
કોઈ વીંધે આવી કાનને રે, કરીને કળ છળ;
પણ સમજો તેના તાનને રે, પે'રાવશે કુંડળ... ૪
રૂડું આપણી જે રીતનું રે, શોધી કહ્યું સાર;
કહે નિષ્કુળાનંદ હિતનું રે, સારું સુખ દેનાર... ૫

## માનો મળી છે મોટી વાત હાથ આવી તે મા હારજો રે

૧-૧૦૫૬: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

(મહિમાનાં પદ)

પદ - ૨૫

માનો મળી છે મોટી વાત, હાથ આવી તે મા હારજો રે;
કરી જતન દિવસ રાત, સૂતાં બેઠાં સંભારજો રે... ૧
સાચો મળ્યો છે સતસંગ, અંગે અચળ કરી રાખજો રે;
રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દૂર નાખજો રે... ૨
લઈ બેઠા છો મોટો લાભ, ભેટી પૂરણ બ્રહ્મને રે;
નહિ તો દુઃખનો ઊગત ડાભ, માની લેજો એ મર્મને રે... ૩
આજ પામ્યા છો આનંદ, વામ્યા દારુણ દુઃખને રે;
એમ કહે નિષ્કુળાનંદ, રખે મૂકતા એવા સુખને રે... ૪

## ઘણા મોંઘા જે ઘનશ્યામ નાવે નજરે ન મળે કોઈને રે

૧-૧૦૫૭: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨૬

ઘણા મોંઘા જે ઘનશ્યામ, નાવે નજરે ન મળે કોઈને રે;
અક્ષરવાસી આઠું જામ, જેને રહ્યા છે અખંડ જોઈને રે... ૧
અતિ થઈને દીન આધીન, નિત્ય નમાવે છે શીશને રે;
લગની લગાડી લેલીન, જોઈ રહ્યા છે જગદીશને રે... ૨
એવા મુક્તને મળવા કાજ, મોટા ઇચ્છે છે મનમાં રે;
શિવ બ્રહ્મા ને સુરરાજ, તે તો તલસે છે તનમાં રે... ૩
એવા દેવતાને દર્શન, થાતાં નથી થોડી વાતમાં રે;
નિષ્કુળાનંદ વિચારો મન, આવો રહસ્ય બેસી એકાંતમાં રે... ૪

## ક્યાં જીવ ક્યાં જગદીશ જાણો જૂજવી એ જાત છે રે

૧-૧૦૫૮: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨૭

ક્યાં જીવ ક્યાં જગદીશ, જાણો જૂજવી એ જાત છે રે;
મર આપિયે સો સો શીશ, તોયે વણ મળ્યાની વાત છે રે... ૧
ક્યાં કીડી કરી મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે;
ક્યાં પૂર્ણ પુરુષોત્તમ આપ, ક્યાં જીવ જેને બહુ કેદ છે રે... ૨
અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકને રે;
તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે... ૩
તૈયે થાય એનો મેળાપ, જ્યારે નરતન ધરે નાથજી રે;
કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય એને સાથજી રે... ૪

## એવા મળ્યા છે મહારાજ જે કોઈ સર્વેના શ્યામ છે રે

૧-૧૦૫૯: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨૮

એવા મળ્યા છે મહારાજ, જે કોઈ સર્વેના શ્યામ છે રે;
વળી રાજ એ અધિરાજ, એને આધારે સૌ ધામ છે રે... ૧
ધામ ધામના જે રહેનાર, હજૂર રહે છે જોડી હાથને રે;
કરી આરત્ય શું ઉચ્ચાર, શીશ નમાવે છે નાથને રે... ૨
શિવ બ્રહ્મા ને સુરેશ, દેવ અદેવ રહે છે ડરતા રે;
જેની આજ્ઞામાં અહોનિશ, શશી સૂરજ રહે છે ફરતા રે... ૩
કંપે કાળ માયા મનમાંય, અતિ ઘણું અંતરમાં રે;
કહે નિષ્કુળાનંદ કાંય, તું પણ ડરને તેના ડરમાં રે... ૪

## એની આગળ જો આપણ કોણ ગણતીમાં આવીએ રે

૧-૧૦૬૦: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૨૯

એની આગળ જો આપણ, કોણ ગણતીમાં આવીએ રે;
શીદ ડો'ળીને ડહાપણ, સમજુ શાણા હસાવીયે[†] રે... ૧
જેણે રચ્યું આ જગત, જોને જૂજવી જાત્યનું રે;
જોતા મૂંઝાય જાય મત, એવુ કર્યું ભાત ભાતનું રે... ૨
એણે કર્યું એવું એક, થાય નહિ જરૂર જાણીએ રે;
વણકર્યે એ વિવેક, શીદ અભિમાન આણીએ રે... ૩
મેલી ડા'પણ ભોળાપણ, રહીએ દાસના દાસ થઈને રે;

કહે નિષ્કુળાનંદ આપણ, તો બેસિયે લાભ લઈને રે... ૪

## જે જે હરિએ કર્યું હેત એવું કરે કોણ આપણે રે

૧-૧૦૬૧: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૦

જે જે હરિએ કર્યું હેત, એવું કરે કોણ આપણે રે;
માત તાત સગાં સમેત, માન્યા સનેહી ભોળાપણે રે... ૧
જોને ગર્ભવાસની ત્રાસ, ટળે કેમ ટાળી કોયની રે;
તે પણ ટાળીને અવિનાશ, રાખે ખબર અન્ન તોયની રે... ૨
વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનને રે;
બીજુ એવું કોણ દયાળ, કાં રે મનાય નહિ મનને રે... ૩
એમ સમજ્યા વિના જન, આવે ઉન્મત્તાઈ અંગમાં રે;
કહે નિષ્કુળાનંદ વચન, પછી મન માને કુસંગમાં રે... ૪

## જેણે ગણ્યો પોતામાં ગુણ જાણ્યું હું પણ છું કોય કામનો રે

૧-૧૦૬૨: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૧

જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છું કોય કામનો રે;
ત્યારે કો'ને વધ્યો કુણ, લેતાં આશરો સુંદર શ્યામનો રે... ૧
જ્યારે કરી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારને રે;
ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારને રે... ૨
પછી પ્રભુ પામવા કાજ, જે જે કર્યું હતું આ જગમાં રે;
તે તો સર્વે ખોયો સાજ, પડ્યો ઠાઉકો જઈ ઠગમાં રે... ૩
એવા મૂરખની મિરાત, એને અર્થે નથી આવતી રે;
કહે નિષ્કુળાનંદ વાત, હરિભક્તને મન ભાવતી રે... ૪

## આવી અરથની જે વાત કોય નર ઉતારે અંગમાં રે

૧-૧૦૬૩: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૨

આવી અરથની જે વાત, કોય નર ઉતારે અંગમાં રે;
ત્યારે સુખી થાય સાક્ષાત, પછી સમજી રહે સત્સંગમાં રે... ૧
થઈ ગરીબ ને ગર્જવાન, શિષ્ય થઈ રહે સર્વનો રે;
મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે... ૨

ખોળી ખોટ ન રાખે કાંઈ, ભલી ભક્તિ ભજાવવા રે;
એક રહે અંતરમાંઈ, તાન પ્રભુને રીઝાવવા રે... ૩
એવા ઉપર શ્રી ઘનશ્યામ, સદા સર્વદા રાજી રહે છે રે;
સરે નિષ્કુળાનંદ કામ, એમ સર્વે સંત કહે છે રે... ૪

## કહે તો વળી કહું એક વાત સુણજ્યો સહુ મળી

૧-૧૦૬૪: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૩

કહે તો વળી કહું એક વાત, સુણજ્યો સહુ મળી;
છે જો સાંભળ્યા જેવી સાક્ષાત, વા'લપે કહું વળી... ૧
જેમ નરદેવ દઈને દંડ, વેરીને વશ્ય કરે;
લિયે ખાટી તે સર્વે ખંડ, દુષ્ટ તે સરવે ડરે... ૨
તેમ પ્રગટી પૂરણબ્રહ્મ, સંતના શત્રુ હણ્યા;
કામ ક્રોધ લોભ જે વિષમ, તે તૃણ તુલ્ય ગણ્યા... ૩
સ્વાદ સ્નેહ મમતા માન, પાપી પારોઠા કીધા;
કહે નિષ્કુળાનંદ નિદાન, નિજ જન તારી લીધા... ૪

## જેમ જીત્યા એ શત્રુ સમૂહ કામ ક્રોધ લોભ લઈ

૧-૧૦૬૫: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૪

જેમ જીત્યા એ શત્રુ સમૂહ, કામ ક્રોધ લોભ લઈ;
સ્વાદ સ્નેહ મમતા મોહ, તે તો દેખાડું કઈ... ૧
કામ કારણે કઢાવી લાજ, ક્રોધે બોલી બંધ કરી;
લોભ ઉપર મહા મુનિરાજ, આવિયા ઝાડે ફરી... ૨
સ્વાદે સહું એકઠું કરી અન્ન, જળ નાખી જન જમે;
સ્નેહે સંભારે નહિ સ્વજન, માનથી દૂર રમે... ૩
કાઢી રીસ કરી હડકાર, બીજા દુષ્ટ બહુ ડર્યા;
કહે નિષ્કુળાનંદ નિરધાર, વેરી એમ વશ્ય કર્યા... ૪

## સારો શક્કો બેસાર્યો સુંદર પ્રભુજી પ્રગટ થઈ

૧-૧૦૬૬: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૫

સારો શક્કો બેસાર્યો સુંદર, પ્રભુજી પ્રગટ થઈ;

નિષ્કલંક કર્યા નારી નર, ઉત્તમ ઉપદેશ દઈ... ૧
કોઈ કાળે સુણી નહિ કાન, એવી રીતિ આપે આણી;
લોકમાંહી અલૌકી નિદાન, આશ્ચર્ય પામ્યા પ્રાણી... ૨
બહુ સામર્થી વાવરી શ્યામ, કામ તે કંઈક કરી;
પછી પધારિયા નિજ ધામ, શ્રી ઘનશ્યામ હરિ... ૩
વાંસે રહ્યા વેરી વિપરીત, ખરે ખરા ખીજે ભર્યા;
કહે નિષ્કુળાનંદ તેની રીત, દેખી સાચું દાઝી મર્યા... ૪

## વડું વેર વાળવાને કાજ સાબદા એ સહુ થયા

૧-૧૦૬૭: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૬

વડું વેર વાળવાને કાજ, સાબદા એ સહુ થયા;
મોટા મોટાની લેવાને લાજ, તાકે છે તેહ રહ્યા... ૧
ઝીણા ઝાલવામાં નહિ જશ, માટે મોટાને જોશે;
કરશે દગો દેખજ્યો અવશ્ય, વેર વાળી વગોવશે... ૨
માટે સહુ રે'જો સાવધાન, ખબડદાર થઈને ખરા;
જેનું આગે કર્યું અપમાન, તે જાળવે નહિ જરા... ૩
એમ છે એ અનાદિની રીત, નવી એ નથી થઈ;
કહે નિષ્કુળાનંદ ધારો ચિત, સનાતન સાચી કહી... ૪

## કૃષ્ણ પધાર્યા કેડ્યાની વાત શ્રી ભાગવતે ભાખી

૧-૧૦૬૮: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૭

કૃષ્ણ પધાર્યા કેડ્યાની વાત, શ્રી ભાગવતે ભાખી;
કર્યો અસુરે બહુ ઉતપાત, હરિનારી ઘેર રાખી... ૧
અર્જુનનું ન ઊપજ્યું કાંય, ગાંડીવ ઘણુંયે હતું;
તોય ન થઈ તેહની સા'ય, બુઢાપણ આવ્યું નો'તું... ૨
માટે પ્રભુ ગયા પછી એમ, થાય તેના સંશય શિયા;
સમાસમું રહે કહો કેમ, જેના રખવાળ ગયા... ૩
માટે સમજી સર્વે સુજાણ, વચનમાં વળગી રહેજો;
કહે નિષ્કુળાનંદ નિરવાણ, કઠણ પળ આવી છે જો... ૪

## નારી નજરે ન જુવો કોઈ વિત્તની તો વાત ભૂંડી

૧-૧૦૬૯: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૮

નારી નજરે ન જુવો કોય, વિત્તની તો વાત ભૂંડી;
સ્વાદ સ્નેહ દુઃખદાયી દોય, ઇચ્છા એની ટાળો ઊંડી... ૧
માન મોટો છે અરિ અજિત, સમજીને સંગ તજો;
ન કરો એ પંચની પ્રતીત, હેતે શું હરિને ભજો... ૨
આવો અવસર જાય અમૂલ્ય, પાછો તે પમાતો નથી;
તેનો તપાસી કરવો તોલ, ઊંડો અતિ અંતરથી... ૩
માંડી મૂઠી જૂગટાની જેમ, જીત્યા તો જીત થઈ;
કહે નિષ્કુળાનંદ તો એમ, હાર્યા તો હાર્ય સઈ... ૪

## અન્ન ધન ગયે મળે અન્ન ધન વસ્ત્ર ગયે વસ્ત્ર મળે

૧-૧૦૭૦: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૩૯

અન્ન ધન ગયે મળે અન્ન ધન, વસ્ત્ર ગયે વસ્ત્ર મળે;
ગયે ભવન મળે ભવન, દિન ગયે દિન મળે... ૧
રાજ ગયે આવી મળે રાજ, સાજ સમાજ સહી;
પણ ગઈ મળે નહિ લાજ, કહેવાની હતી તે કહી... ૨
લાજ ખોઈને કરવું કાજ, એ તો અકાજ ખરું;
મર મળે ત્રિલોકીનું રાજ, ઘોળ્યું પરહરો પરું... ૩
બેઠી બદલામી જેને શીશ, ટળે નહિ કોઈ પળે;
કહે નિષ્કુળાનંદ વસાવીશ, લખાય છે તે કાગળે... ૪

## જોને ભવ બ્રહ્માજીની ભૂલ્ય જન સહુ જાણે છે

૧-૧૦૭૧: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૦

જોને ભવ બ્રહ્માજીની ભૂલ્ય, જન સહુ જાણે છે;
એકલશૃંગી સૌભરીનાં શૂલ, પોથીમાં પ્રમાણે છે... ૧
નારદ પર્વતની નિદાન, કીર્તિ કથામાં કહી;
માટે સહુ રહેજ્યો સાવધાન, ખબડદાર ખરા થઈ... ૨
જેની પાસે હોય જોખમ, જાળવો તે જતન કરી;
માથે મોટા છે વેરી વિષમ, ખોટી નહિ વાત ખરી... ૩
રહેવું નહિ ગાફલ ગમાર, માલ અતોલ મળે;
કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે... ૪

# જેનું કામે કાપી લીધું નાક લોભે લઈ લાજ લીધી રે

૧-૧૦૭૨: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૧

જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધી રે;
જેની જીભે રોળી કર્યો રાંક, માને તો ફજેતી કીધી રે... ૧
એવા જનનું જાણો જરૂર, નથી મુખ જોયા જેવું રે;
દોષે ભર્યું જાણી તજો દૂર, અઘે અવરાણું એવું રે... ૨
તેને પાસે વસતાં વાસ, લાંછન તો લાગે જ લાગે રે;
તજો તેને આણી તનત્રાસ, જેથી કુબુદ્ધિ જાગે રે... ૩
એવા પાપીનું સ્પર્શતા અંગ, પુણ્ય જાય પોતાતણું રે;
કહે નિષ્કુળાનંદ એ કુસંગ, તે સંગે જ્યાન ઘણું રે... ૪

# એવા જન જીવતા જરૂર મૂઆ છે માની લેજો રે

૧-૧૦૭૩: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૨

એવા જન જીવતા જરૂર, મૂઆ છે માની લેજો રે;
દેખી દુર્ગંધને રહેજો દૂર, આભડછેટ એ તો છે જો રે... ૧
કાઢ્યા વિના નહિ સૂઝે કામ, સૂતક એ શીદ રાખો રે;
બાળી જાળી ટાળો એનું ઠામ, વાની વહેતે જળે નાખો રે... ૨
ઘણું રાખતાં એ ઘરમાંય, સૂણી કે સડી જાશે રે;
કાઢો વેલ્ય મ કરજો કાંય, ઘણું રાખ્યે ગંધ થાશે રે... ૩
કેડે કરવી નહિ તેની કાણ, ખરખરો ખોટો ખોળી રે;
કહે નિષ્કુળાનંદ સુજાણ, કહ્યું મેં તપાસી તોળી રે... ૪

# કહેશો હરે ફરે નર આપ મૂઆ તેને કેમ કહીએ રે

૧-૧૦૭૪: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૩

કહેશો હરે ફરે નર આપ, મૂઆ તેને કેમ કહીએ રે;
તે તો પૂંછ હલાવે છે સાપ, ઘડીવાર જીવ ગયે રે... ૧
પણ પિંડમાંયે નથી પ્રાણ, જરૂર જાણી લેજો રે;
જોઈ એના અંગનાં એંધાણ, પછી ડરી દૂર રહેજો રે... ૨
કાપ્યું તરુ કાઢે છે કૂંપળ, સરે પણ સૂકી જાશે રે;
તેમ નર કરે કોટિ કળ, અંતે તે ઉઘાડું થાશે રે... ૩
કહો કપટ કેટલા દન, નર એહ રાખી રહેશે રે;

કહે નિષ્કુળાનંદ સહુ જન, જેમ હશે તેમ કહેશે રે... ૪

## જેમ મહાજળમાં મગર સાગર સહુને રાખે રે

૧-૧૦૭૫: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૪

જેમ મહાજળમાં મગર, સાગર સહુને રાખે રે;
નાનાં મોટાં કરી રહે ઘર, કોઈને ન કાઢી નાખે રે... ૧
પણ જ્યાં લગી જીવ હોય, ત્યાં લગી તેમાં રહે રે;
વણ જીવે રહે નહિ કોય, લે'ર દૂર નાખી દહે રે... ૨
હરિજનનું જીવન છે ધર્મ, પોતે પોતાનો પાળે રે;
તજે નહિ ભજે પરબ્રહ્મ, તો રહે તેમાં સદાકાળે રે... ૩
વણ જીવે હોય નહિ વાસ, સતસંગ સિંધુમાંઈ રે;
કરવો નિષ્કુળાનંદ તપાસ, કહ્યું નથી કૂડું કાંઈ રે... ૪

## જે કોઈ ડચકાં દિવસ રાત ખાતો નર હોય ખરાં રે

૧-૧૦૭૬: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૫

જે કોઈ ડચકાં દિવસ રાત, ખાતો નર હોય ખરાં રે;
તેની જીવવાની જૂઠી વાત, પાંપળાં મેલો પરાં રે... ૧
જેની નાડી છાંડી ગઈ ઘર, જિહ્‌વા તો ટૂંકી પડી રે;
દ્રગ દોય દઈ ગયાં દર, શ્વાસ આવ્યો સુધો ચડી રે... ૨
તેહ સમામાંહી સગપણ, કરે કોય કન્યાતણું રે;
તેને રોકડું છે રંડાપણ, એવાતણ ઉધારે ઘણું રે... ૩
તેમ સત્સંગમાં કોઈ જન, ગડબડ ગોટા વાળે રે;
કહે નિષ્કુળાનંદ કોઈ દન, રખે તે જીવિત બાળે રે... ૪

## ડોરી દેખી મ ડગાવો દલ સમજીને સંગ કરો રે

૧-૧૦૭૭: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૬

ડોરી દેખી મ ડગાવો દલ, સમજીને સંગ કરો રે;
સારા સંત ઓળખી અવલ, મન કર્મ વચને વરો રે... ૧
દેખી ઉપરનો આટાટોપ, મને રખે મોટા માનો રે;
એ તો ફોગટ ફૂલ્યો છે ફોપ, સમજો એ સંત શાનો રે... ૨

જેને જાણજો જગ મોટાઈ,જડાણી છે જીવ સંગે રે;
તેને મોટા માનો જગમાંઈ, ખોટા છે મોક્ષ મગે[†] રે... ૩
જોને શુકજી ને જડભરત, કો' કેણે મોટા જાણ્યા રે;
હતા નિષ્કુળાનંદ એ સમર્થ, પછી સહુએ પરમાણ્યા રે... ૪

## એહ વિના મોટાઈ જે અન્ય ખરી તે પણ ખોટી નથી રે

૧-૧૦૭૮: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૭

એહ વિના મોટાઈ જે અન્ય, ખરી તે પણ ખોટી નથી રે;
તે તો સુણી લિયો સહુજન, તે પણ કહું કથી રે... ૧
જેમ પંખીમાં મોટેરો ઘૂડ, ઝાડમાં તાડ લઈએ રે;
જેમ જળમાં મોટેરો ઝૂડ, પશુમાં પાડો કહીએ રે... ૨
સર્પમાં મોટેરો તક્ષક, વીંછીમાં ઠાકરિયો વળી રે;
એ તો મોટપ દુઃખદાયક, સમજો સહુ મળી રે... ૩
એમ જાણ્યા વિના જગમાંય, ઉપાય નથી ઊગર્યાનો રે;
કહે નિષ્કુળાનંદ તે ન્યાય, માનો કે નવ માનો રે... ૪

## ખોટી વાત સાંભળી આવી ખોટ દોષ જે બીજાને દેશે રે

૧-૧૦૭૯: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૮

ખોટી વાત સાંભળી આવી ખોટ, દોષ જે બીજાને દેશે રે;
પોતે પેટે કપટ રાખી કોટ, બા'ર તો સાધુતા ગ્રે'શે રે... ૧
છળે કળે છપાડી છિદર, વાંકમાં નહિ આવે આપે રે;
એમ કરતાં જાણશે કોઈ નર, તેને ડરાવશે શાપે રે... ૨
આણી આખ્યાન તેની ઉપર, બોલવા નહિ દિયે રે;
જેને નથી મહારાજનો ડર, તે કહો કેથી બીયે રે... ૩
એવા પાપી જે પાપના પુંજ, દેખીને દૂર રહીએ રે;
કહે નિષ્કુળાનંદ તે શું જ, કહી કહી કેટલું કહીએ રે... ૪

## સુંદર સારી શિખામણ મારી માની લે મનવા મારા રે

૧-૧૦૮૦: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૪૯

સુંદર સારી શિખામણ મારી, માની લે મનવા મારા રે;

ધારી વિચારી મેં વાત ઉચ્ચારી, તે જોઈ સ્વભાવ તારા રે... ૧
પરને કહેવા પ્રવીણ છું પૂરો, પોતાનું તો તું ન પેખે રે;
સામાને શીખ દેવામાં છું શૂરો, નિજ દોષને નવ દેખે રે... ૨
કોઈ ન સમજે કારજ તારું, કહું છું કાંયે નહિ થાય રે;
શીદને ઉતારું છું પરબારું, કાંરે ન મનાય કાંય રે... ૩
અવળી સમજણ અળગીએ કરી, સવળું સમજાય તો સારું રે;
નિષ્કુળાનંદ કહે વિચારી, એટલું માની લે મારું રે... ૪

## મન તુંને સમજાવવા સારુ કહ્યું મેં વારમવાર રે

૧-૧૦૮૧: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૦

મન તુંને સમજાવવા સારુ, કહ્યું મેં વારમવાર રે;
તેં તો ગમતું ન તજિયું તારું, ગઈ શિખામણ ગમાર રે... ૧
જે જે વાત કરી તુજ સાથે, તે તો તેં રતિ ન રાખી રે;
ખોટ્ય આવવા ન દીધી માથે, લઈ બીજા પર નાખી રે... ૨
કહો ખોટ્ય ટળે કેમ તારી, નિજ દોષને ન દેખે રે;
એથી ભૂલ બીજી કઈ ભારી, સહુથી સરસ આપ લેખે રે... ૩
કહેનારાને કહેવા ન રહ્યું, તેં ન ધર્યું જ્યારે કાન રે;
નિષ્કુળાનંદ કહે તુંને શિયું, તારે તો બીજું છે તાન રે... ૪

## સમું સમજે શોધતાં એવા જોતાં ઝાઝા નવ જડે રે

૧-૧૦૮૨: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૧

સમું સમજે શોધતાં એવા, જોતાં ઝાઝા નવ જડે રે;
જેને ન આવડે અવળું લેવા, વણતોળી વિપત્ય જો પડે રે... ૧
માન મોટપ ને મમતા મૂકે, ગમતું ગોવિંદનું જાણી રે;
ચોટ નિશાન ઉપરથી ન ચૂકે, પરલોકે પ્રતીતિ આણી રે... ૨
કોઈ કાળે જો કામ પોતાનું, વણસાડે નહિ વળી રે;
કપટ કેદીયે ન રાખે છાનું, મોટા સંતને મળી રે... ૩
એવા જન જગતમાં જાણો, ઘર ઘર ઘણા ન હોય રે;
નિષ્કુળાનંદ કહે પરમાણો, સાચા સંત કા’વે સોય રે... ૪

## આ લોકની જેણે આશા તજી છે પરલોકના સુખ સારુ રે

૧-૧૦૮૩: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૨

આ લોકની જેણે આશા તજી છે, પરલોકના સુખ સારુ રે;
તેણે કરી હરિભક્તિ રજી છે, સંસાર સુખ થયું ખારું રે... ૧
ચૌદ લોક ને ચતુરધા લગી, જગમાં જે જે કહેવાય રે;
સર્વે ઠેકાણે અગનિ સળગી, દેખે તપતાં ત્યાંય રે... ૨
ઠરવા ઠાઉકું ઠામ ન સૂઝે, કહો સુખ ક્યાં મનાય રે;
કાળ માયાથી સહું રહ્યાં ધ્રૂજે, હરિનાં ચરણ વિનાય રે... ૩
એમ અહોનિશ અંતરમાંઈ, વરતે છે વૈરાગ્ય રે;
નિષ્કુળાનંદ કહે તેને કાંઈ, કઠણ ન હોય કરવું ત્યાગ રે... ૪

## એવા જનની ઉપર હરિ રાજી છે અક્ષર પતિ રે

૧-૧૦૮૪: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૩

એવા જનની ઉપર હરિ, રાજી છે અક્ષર પતિ રે;
જેણે ભક્તિ ભાવે શું કરી, ફરે નહિ કેદી મતિ રે... ૧
શરીરનાં સુખ સર્વે ત્યાગી, વાધી પ્રભુ સાથે પ્રીતિ રે;
જેની લગની લાલશું લાગી, તે તો રહ્યા જગજીતી રે... ૨
કપટ રહિત શ્રીજીની સેવા, જાણજો જે જને કરી રે;
પ્રભુના પદને પામિયા એવા, આ ભવજળ ગયા તરી રે... ૩
તેમા સંશય લેશ મ લાવો, પૂરણ પ્રતીતિ આણો રે;
નિષ્કુળાનંદ કહે નિરદાવો, જેના જીવમાં જાણો રે... ૪

## એવાને સંગેથી અક્ષરધામે જવાય છે જો જરૂર રે

૧-૧૦૮૫: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૪

એવાને સંગેથી અક્ષરધામે, જવાય છે જો જરૂર રે;
બીજાને સંગે તો સુખ ન પામે, દુઃખ રહે ભરપૂર રે... ૧
જેને જાવું હોય જમને હાથે, દક્ષિણ દેશની માંય રે;
તે તો સુખે રહો કપટી સાથે, તેનું કહેતા નથી કાંય રે... ૨
પણ જાવું જેને પ્રભુજી પાસે, તેને કરવો તપાસ રે;
અંતર બીજો તજવો આશે, થઈ રહેવું હરિના દાસ રે... ૩
આવી વાત અંતરે ઉતારી, કરી લેવું નિજ કામ રે;
નિષ્કુળાનંદ કહે વિચારી, તો પામિયે હરિ(નું) ધામ રે... ૪

## જેહ ધામને પામીને પ્રાણી પાછું પડવાનું નથી રે

૧-૧૦૮૬: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૫

જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે;
સર્વે પર છે સુખની ખાણી, કેવું કહીએ તેને કથી રે... ૧
અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા, રહે છે પ્રભુજીની પાસ રે;
સુખ સુખ જ્યાં સુખના દરિયા, તિયાં વસી રહ્યા વાસ રે... ૨
તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે;
તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહીએ સુખ એનાં રે... ૩
તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે;
નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂર્ણ પુરુષોત્તમ પામી રે... ૪

## એવા ધામની આગળ બીજા શી ગણતીમાં ગણાય રે

૧-૧૦૮૭: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૬

એવા ધામની આગળ બીજા, શી ગણતીમાં ગણાય રે;
મા'પ્રલયકાળના અગ્નિમાં સીજાં, હંમેશ જે હણાય રે... ૧
પ્રકૃતિ પુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે;
ચૌદ લોક ધામ રહેવા ન પાવે, સર્વે સંહાર હોય રે... ૨
જેમ કઢાયામાં કણ ઊછળે છે, ઊંચા નીચા અગ્નિ જ્વાળે રે;
તેમ જો તનધારી બળે છે, સ્વર્ગ મૃત્યુ ને પાતાળે રે... ૩
માટે સુખ નથી કિયાં માને, પ્રભુજીના પદ પખી રે;
નિષ્કુળાનંદ કહે ભૂલે છે શાને, લે વાત આવી તું લખી રે... ૪

## એવા ધામને પામવા કાજ અવસર અમૂલ્ય આવ્યો

૧-૧૦૮૮: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૭

એવા ધામને પામવા કાજ, અવસર અમૂલ્ય આવ્યો;
આવ્યો સુખનો મળી સમાજ, ભલો અતિ મન ભાવ્યો... ૧
ભાવ્યો એ રસ જેહને ઉર, તેણે પીવા પ્યાસ કરી;
કરી દેહબુદ્ધિ વળી દૂર, એક ઉર રાખ્યા હરિ... ૨
હરિ વિના રાખ્યું નહિ કાંય, અસત્ય જાણી આપે;
આપે વિચાર્યું અંતરમાંય, તેહ તપે નહિ તાપે... ૩
તાપે તપતાં જાણી ત્રિલોક, ઇચ્છા ઉરથી તજી;

તજી નિષ્કુળાનંદ સંશય શોક, ભાવે લીધા પ્રભુને ભજી... ૪

## ભજી ભલી ગઈ છે જો વાત પુરુષોત્તમને પામી

૧-૧૦૮૯: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૮

ભજી ભલી ગઈ છે જો વાત, પુરુષોત્તમને પામી;
પામી પ્રગટ પ્રભુ સાક્ષાત, કહો કાંઈ રહી ખામી... ૧
ખામી ભાંગી ખરી થઈ ખાટ, ખોયા દી ની ખોટ્ય ટળી;
ટળી ગયા સર્વે ઉચ્ચાટ, શ્રી ઘનશ્યામ મળી... ૨
મળી મોજ અલૌકિક આજ, આવ્યું સુખ અતિ અંગે;
અંગે કરવું ન રહ્યું કાજ, મળી મહારાજ સંગે... ૩
સંગે રહીશ હું તો સદાય, સુખકારી શ્યામ જાણી;
જાણી નિષ્કુળાનંદ મનમાંય, રહું ઉર આનંદ આણી... ૪

## આણી આંખ્યે મેં જોયા જીવન સહજાનંદ સ્વામી

૧-૧૦૯૦: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૫૯

આણી આંખ્યે મેં જોયા જીવન, સહજાનંદ સ્વામી;
સ્વામી દોયલા દિવસનું ધન, પામી દુઃખ ગયાં વામી... ૧
વામી વેદના મારી આ વાર, શરણ શ્રીજીનું લઈ;
લઈ મુજ અર્થે અવતાર, આવિયા આપે સઈ... ૨
સઈ કહું આ સમાની રીત, આજ આડો આંક વાળ્યો;
વાળ્યો દિવસ થઈ મારી જીત, સંશય શોક ટાળ્યો... ૩
ટાળ્યો કાળની ઝાળનો ત્રાસ, પૂરણ સુખ પામ્યો;
પામ્યો નિષ્કુળાનંદ ઉલ્લાસ, ફૂલી ત્રિલોકે ન શામ્યો... ૪

## શામ્યો અસત્ય સુખનો ઉત્સાહ સુરતિ સાચામાં લાગી

૧-૧૦૯૧: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૬૦

શામ્યો અસત્ય સુખનો ઉત્સાહ, સુરતિ સાચામાં લાગી;
લાગી પ્રભુપદ જો ચાહ, બીજી ભૂખ સર્વે ભાગી... ૧
ભાગી આ લોકસુખની આશ, નિરાશે નિરાંત થઈ;
થઈ પરી એ સર્વે કાશ, અન્ય અભિલાષા ગઈ... ૨

ગઈ સુરતી સહુની પાર, અક્ષરધામે ધાઈ;
ધાઈ ઇચ્છતાં સુખ સંસાર, તેમાં ન દીઠું કાંઈ... ૩
કાંઈ ન માને બીજે તેનું મન, મહાસુખ મોટું જોઈ;
જોઈ નિષ્કુળાનંદ મગન, મનમાં રહ્યો મોઈ... ૪

## મોહી રહ્યા જેને મુનિરાજ તાજ તનસુખ કરી

૧-૧૦૯૨: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૬૧

મોહી રહ્યા જેને મુનિરાજ, તાજ તનસુખ કરી;
કરી લીધું છે પોતાનું કાજ, ફેરો નથી રાખ્યો ફરી... ૧
ફરી ફસવું જે ફંદમાંય, એવું નથી રાખ્યું એણે;
એણે કરવું રાખ્યું નહિ કાંય, તલ એકભાર તેણે... ૨
તેણે નજર પોં'ચાડી છે નેક, શાબાશ સમજણ એની;
એની મતિ પોં'ચી ગઈ છેક, હું બલિહારી તેની... ૩
તેની જોડ્યે આવે કહો કોણ, વાત વિચારી જોઈ;
જોઈ નિષ્કુળાનંદ એવું જોણ, કહે ધન્ય સંત સોઈ... ૪

## સોઈ સુખ મળવાને કાજ મોટા મનમાંય ઇચ્છે

૧-૧૦૯૩: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૬૨

સોઈ સુખ મળવાને કાજ, મોટા મનમાંય ઇચ્છે;
ઇચ્છે ભવ બ્રહ્મા સુરરાજ, મળવા મનમાં રહે છે... ૧
રહે છે આશા એવી મનમાંય, મને મહાસુખ લેવા;
લેવા આનંદ ઇચ્છા સદાય, દલમાંઈ ઇચ્છે દેવા... ૨
દેવા ઉપમા એહને એક, જોતાં બીજી જડતી નથી;
નથી છાની એ વારતા છેક, કહેવાય છે કથી કથી... ૩
કથી કહ્યું એ ધામનું સુખ, વરણવી વળી વળી;
વળી નિષ્કુળાનંદ કે' શ્રીમુખ, દુઃખ જાય એને મળી... ૪

## મળી મહારાજને મુનિરાય સહુ સુખ પામે સોય

૧-૧૦૯૪: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૬૩

મળી મહારાજને મુનિરાય, સહુ સુખ પામે સોય;

સહુએ કહ્યું દ્રષ્ટાંતની માંય, જાણો કાચભૂમિ હોય... ૧
હોય કાચના સર્વે આકાર, રવિ શશી તારા વળી;
વળી તેજ તેજ ત્યાં અંબાર, રહે બહુ ઝળમળી... ૨
મળી પૂરણ દીશે પ્રકાશ, એકરસ તેજ એવું;
એવો ધામમાં છે ઉજાશ, એ વિના કહીએ કેવું... ૩
કે’વું કેડે નથી હવે કાંય, સમજો તો સમજો સાને;
સાને નિષ્કુળાનંદ ગાય, જેને આવ્યું એવું પાને... ૪

## પાને લખ્યાં એ પદ ચોસઠય સુંદર સારાં શોધી

૧-૧૦૯૫: સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

પદ - ૬૪

પાને લખ્યાં એ પદ ચોસઠય, સુંદર સારાં શોધી;
શોધી જોજો સહુ સારી પઠ્ય, જેવી હોય જેની બુદ્ધિ... ૧
બુદ્ધિમાંહી તે કરી વિચાર, સવળું સાર ગ્રહેજો;
ગ્રહેજો કરવાનું તે નિરધાર, ન કરવાનું મૂકી દેજો... ૨
દેજો માં વળી કોયને દોષ, રોષ અંતરમાં આણી;
આણી હૈયામાંઈ ઘણી હોંશ, મંડો સહુ સુખ જાણી... ૩
જાણી જોઈને આળસ અંગ, રતિએ રખે રહે;
રહે નિષ્કુળાનંદ તો રંગ, અલભ્ય લાભ લહે... ૪

***